# શ્રી ભગવાન મહાવીર સ્વામી

## નું શાસન

# ચાર ગતિ એ સવાલ - પાંચમી ગતિ એ જવાબ

## જૈનો જાગો

લેખાંક : ૪૮

બાળજીવોએ વર્તમાન ભવમાં સમજણ આવી ત્યારથી ઘણા પ્રકારનો યથાશક્તિ સમજણ પ્રમાણેનો ધર્મ કર્યો જેમકે અનેક પ્રકારની તપસ્યાઓ કરી, અનેક પ્રકારની પૂજા-અર્ચનાઓ કરી, અનેક પ્રકારનાં દાન કર્યા, અનેક પ્રકારનાં અનુષ્ઠાનો અને જાપો કર્યા. આવી રીતે અનેક પ્રકારનો ધર્મ અને શુભ કાર્યો કર્યા, પણ તેથી મોક્ષમાર્ગનું શું પરીણામ આવ્યું, તેનો ક્યારે વિચાર કર્યો ? અથવા જે ધર્મ કર્યો તેથી જીવ મોક્ષમાર્ગમાં છે કે ચાર ગતિનાં ભ્રમણમાં છે, તેનો વિચાર કર્યો ? ઘણા જીવો ૧૦ વર્ષથી ધર્મ કરતા હશે, ઘણા જીવો ૨૦ વર્ષથી ધર્મ કરતા હશે, ઘણા જીવો ૩૦ વર્ષથી કે ૪૦ વર્ષથી ધર્મ કરતા હશે. આવી રીતે જીવો મોક્ષ પામવા અને મોક્ષમાર્ગમાં ચાલવા ઘણા પ્રકારનો પુરૂષાર્થ કરતા હશે છતાં મોક્ષમાર્ગને અનુરૂપ આત્મકલ્યાણ થાય તેવા પ્રકારનાં કેટલા આત્મીક ગુણો પ્રગટાવ્યાં ? તેનો વિચાર બાળજીવોએ ક્યારેય કર્યો છે ? આપણે વ્યવહારથી ઘણી વખત બોલીએ છીએ કે જીવે પૂર્વમાં અનંતીવાર મનુષ્યપણું પામ્યો હશે અને અનેક વખત જૈન કુળ અને સાધુપણું પ્રાપ્ત કર્યું હશે, છતાં જીવની આ ભવમાં આવી અવદશા કેમ રહી ? મોક્ષમાર્ગની લાયકાત કેમ ન આવી? પૂર્વમાં એવું શું કર્યું કે આ ભવમાં મોક્ષમાર્ગ પણ મળવો મુશ્કેલ બન્યો, તેનો વિચાર જીવે ક્યારેય કર્યો છે ? અને આ ભવમાં પણ જીવે અનેક પ્રકારનાં વ્રતો લીધા અને અનેક પ્રકારથી ત્યાગ લીધો પણ પોતે મોક્ષમાર્ગની આરાધના કરે છે, તેવું સમજણમાં કે અનુભવમાં જીવને કાંઈ આવ્યું ? કે પછી પૂર્વમાં અનંત ભવો જેમ વેડફી નાખ્યાં તેમ આ ભવ પણ વેડફી નાખવો છે, તેનો વિચાર જીવોએ શાંત ભાવથી અને પૂર્વગ્રહ રહીત કરવો તે જીવનાં હિતમાં છે. વર્તમાન ભવમાં જીવોને જ્યારે જૈનકુળ મળ્યું, શ્રી તીર્થંકર પરમાત્માનો ધર્મ મળ્યો (જગતનાં સર્વ શ્રેષ્ઠ એવાં ઈષ્ટદેવ મળ્યાં) અને સર્વ સાધુ સંસ્થામાં શ્રેષ્ઠ એવાં શ્રી ધર્માચાર્યો મળ્યાં ત્યારે જીવને મોક્ષ પામી શકે તેવો ધર્મ મળ્યો કે પછી સામાન્ય મનુષ્ય કરે (અન્ય ધર્મનાં) તેવા પ્રકારનો ધર્મ મળ્યો તેનો વિચાર જીવોએ કરવો તે જીવનું પ્રમુખ કર્તવ્ય ગણાય. જો જૈન કુળમાં જન્મીને પણ ચાર ગતિનો જ જીવ ધર્મ કરે તો જીવનું જૈનપણું જ નિષ્ફળ ગણાય. ચાર ગતિનો ધર્મ તો જગતનાં બધાજ મનુષ્યો કરતાં હોય છે અને જીવો શ્રી ધર્માચાર્યો વગર પણ ચાર ગતિમાં ફરવાનો ધર્મ તો સરળ અને સહજતાથી કરતાં હોય છે જેમકે કારણ વગર બીજાને દુ:ખ આપવું નહીં, ભુખ્યાને આહાર આપવો, માંદા જીવોને દવાઓ આપવી, બીજા જીવોને તેમનાં દુ:ખમાં દિલાસો આપવો અને ઘણી વખત પ્રતિકુળતાઓ દુર કરવા વ્રત-તપ કે જપ કરવા આ બધુ તો જીવો શ્રી ધર્માચાર્યો વગર પણ કરતાં હોય છે, જ્યારે આ વર્તમાનકાળમાં આટ-આટલા શ્રી ધર્માચાર્યો મળ્યાં તો તેનું બાળજીવોને શું ફળ ? અને જો બાળજીવોને મોક્ષમાર્ગની સમજણ પણ ન મળે તો તેમાં દોષ કોનો ? બાળજીવોનો કે પછી ધર્મ ન આપ્યો તેનો? તેનો વિચાર જે જીવો આત્મલક્ષી થવા માગતા હોય અને આત્માર્થીપણું પ્રાપ્ત કરવા માગતા હોય તેવા સર્વ આત્માર્થી જીવોએ કરવો જોઈએ, તેમાં સૌના આત્માનું કલ્યાણ ગણાય. જેમ જીવે પૂર્વમાં અનંતીવાર જાણ્યાં વગર ધર્મ કર્યો (સત્યની ઝુરણાં વગર અને સત્યની મુઢતાંને કારણે) અને તેનાં ફળ સ્વરૂપ જીવ મોક્ષમાર્ગથી વંચિત રહ્યો. તેમ જીવ તે ભુલનું પુનરાવર્તન આ ભવમાં પણ કરે તો જીવ મોક્ષમાર્ગથી વંચિત રહેવાનો. માટે જો જીવે ભવ ભ્રમણમાં ભટકવું ન હોય અને મોક્ષમાર્ગ આરાધવો હોય તો સૌ પ્રથમ શાસ્ત્રોનાં જાણકાર એવા શ્રી ધર્માચાર્યો પાસેથી મોક્ષમાર્ગની જાણકારી મેળવવી અને મોક્ષમાર્ગની શરૂઆત કેમ અને કેવી રીતે કરવી, તે જાણી લેવું અને જો જીવ મોક્ષમાર્ગ જાણ્યાં અને સમજણ વગર આરાધે તો જીવ પુણ્યલક્ષી બને અને તેનાં ફળ સ્વરૂપે દેવલોક કે પછી મનુષ્યપણું પામે. જીવને મનુષ્યમાં પણ મનુષ્યનું શ્રેષ્ઠપણું તો વર્તમાનમાં મળ્યું છે, તો તે પાછું આનાથી વધારે મનુષ્યપણાંનું શ્રેષ્ઠપણું શું પામવાનો હતો અને જો દેવલોક પણ મળે તો દરેક દેવલોકમાં ઈન્દ્ર તો એક જ હોય છે, બાકીનાં દેવો તો તે ઈન્દ્રનાં દાસ હોય છે, તો ઈન્દ્રનું દાસત્વપણું પામવા માટે પુણ્ય કરવાનું છે ? તેનો વિચાર જીવો કરે. અને આત્મલક્ષી બનવું કે પુણ્યલક્ષી બનવું તેનો વિચાર જીવો કરીને શ્રી ધર્માચાર્યો પાસેથી ધર્મ જાણીને ધર્મની આરાધનાં કરે તે બાળજીવોનું આત્મકલ્યાણનું કારણ બને. માટે જીવો જે કાંઈપણ ધર્મ કરે ત્યારે પ્રથમ એ જાણી લેવું જોઈએ કે આ ધર્મ (કાર્ય), મને પુણ્ય આપવાનું છે કે આત્મકલ્યાણ કરાવવાનું છે, તે જાણીને પછી જીવની જે પ્રકારની લેશ્યા હોય તે પ્રકારથી ધર્મ કરવો (ચાર ગતીનું ભ્રમણ કે પછી મોક્ષ પામવાની અભિલાષા જે હોય તે) જીવે મુખ્યપણે ધર્મ સ્વચ્છંદે જ કર્યો છે અથવા તો જેમ કે દાન કર્યું તો માન માટે કે પછી નામ માટે જ કર્યું. વ્રતો કર્યા તો લગભગ લોકાર્થે જ કર્યાં અને ત્યાગ લીધો તો ત્યાગમાં જ અટકી ગયાં પણ ત્યાગને વૈરાગ્યમાં ન ફેરવ્યો. આજ અનંત ભવ ભ્રમણમાં અનંતીવાર કર્યું છતાં જીવ મોક્ષમાર્ગની આરાધના ન પામ્યો, માટે જીવોએ જીવનમાં એક શ્રી ધર્માચાર્યોને ગુરૂપદે સ્થાપીને તેમની પાસેથી શાસ્ત્રોનાં આધાર સહિતનો બુધ્ધિગમ્ય અને અનુભવગમ્ય મોક્ષમાર્ગ જાણીને તેમની જ નિશ્રામાં મોક્ષમાર્ગની આરાધના કરે તો **જીવ ઓછામાં ઓછું જો ભાવે માર્ગાનુસારીપણું પ્રાપ્ત કરે તો પણ ભવ ભ્રમણમાંથી છુટવાની શરૂઆત કરી ગણાય અને અલ્પ ભવોમાં મોક્ષનું અધિકારીપણું પ્રાપ્ત કરે** અને વર્તમાન ભવમાં મળેલું જૈનપણું અને જૈનકુળનું સાર્થકપણું બને અને શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનને માન્યા અને આરાધ્યા ગણાય અને એ પ્રકારે જીવે અનંત ભવનાં બાંધેલા જ્ઞાન ઉપર આવેલા આવરણોનો ક્ષય થાય અને મોટામાં માટી જ્ઞાનની આરાધનાં કરી ગણાય. અને શ્રી પરમાત્માએ આપેલાં બોધને જીવનમાં ઉતારવો એને શ્રી પરમાત્માની ભક્તિ અને શ્રધ્ધા કરી ગણાય. માટે શ્રી મહાવીર સ્વામીની આરાધનાં કરવી હોય તો તેમનો આપેલો બોધ જાણવો, માનવો, આરાધવો અને અનુભવવો તેજ મોક્ષમાર્ગ છે. અને તેજ માર્ગેથી મોક્ષ મળવાનો અને પામવાનો છે, તેવી બળવાન શ્રધ્ધા એ પણ ભાવે માર્ગાનુસારી થવાનું કારણ ગણાય.

**અનુસંધાન સામે પાના નં ૧૫ પર →**

### * સત્સંગ *

**હે જ્ઞાનનાં ધારક,**
**તું તારા જ જ્ઞાનને ન જાણે અને ન માને અને જે બીજા (અ)જ્ઞાન આપે છે, તેને માને છે અને તેનાં પ્રમાણપત્રને સ્વિકારે છે.**
**તે આપનાર તારો ભવબંધનકર્તા છે અને તે પ્રમાણપત્ર તારૂં ભવ ભ્રમણ છે (અજ્ઞાન).**
**છતાં બંને વહાલા લાગે છે. કેવી કર્મની ગતી છે અને તે ગતિની કેવી વિચિત્રતા છે.**

**હે ઉપયોગી,**
**સર્વદા માટે તારા ઉપયોગને ઉપયોગમાં ઉપયોગીપણું પામવાં જગતમાં જ્યાં જ્યાં ઉપયોગીનાં ઉપયોગને ઉપયોગમાં મુક્યો તો**
**''તેણે જ''**
**ઉપયોગીપણું (બર્હિમુખીપણું) આપી દીધું.**

### ■ ''સદ્ગુરૂ -સુવાસ'' ■

જે જીવ આપે, વીરનો માર્ગ,
તે જીવ કાપે, ભવનો માર્ગ .૧
જે જીવ આપે, ધર્મનો મર્મ,
તે જીવ કાપે, દેહનો ધર્મ ..૨
જે જીવ આપે, કર્મનો બોધ,
તે જીવ કાપે, ભયનો યોગ .૩
જે જીવ આપે, નવનિધી બોધ,
તે જીવ કાપે, નિમિત્ત જોગ .૪
જે જીવ આપે, નિજનું જ્ઞાન,
તે જીવ કાપે, દેહનું ભાન .૫
જે જીવ આપે, ભવનું જ્ઞાન,
તે જીવ કાપે, ભવનું માન .૬
જે જીવ આપે, ધર્મનું જ્ઞાન,
તે જીવ કાપે, ધર્મનું માન ..૭
જે જીવ આપે, ધર્મનું મુળ,
તે જીવ કાપે, કર્મનું મુળ .૮
જે જીવ આપે, સંસાર–અસાર,
તે જીવ કાપે, સંસાર સાર .૯
જે જીવ આપે, સ્વભાવસાર,
તે જીવ કાપે, વિભાવસાર .. ૧૦
જે જીવ આપે, વિષય વિચાર,
તે જીવ કાપે, વિષય વિકાર .. ૧૧
જે જીવ આપે, આતમબોધ,
તે જીવ કાપે, પુણ્યનો બોધ .. ૧૨
જે જીવ આપે, મનનો યોગ,
તે જીવ કાપે, મનનો રોગ .. ૧૩
જે જીવ આપે, દ્રષ્ટિનો યોગ,
તે જીવ કાપે, દ્રષ્ટિનો દોષ .. ૧૪
જે જીવ આપે, મૌનનો યોગ,
તે જીવ કાપે, દ્વેષનો દોષ .. ૧૫
જે જીવ આપે, ભક્તિનો યોગ,
તે જીવ કાપે, ભવનો દોષ .. ૧૬
જે જીવ આપે, સદ્ગુરૂ બોધ,
તે જીવ કાપે, કુગુરૂ યોગ .. ૧૭
જે જીવ આપે, સમકિત સુખ,
તે જીવ કાપે, ભયનું દુ:ખ .. ૧૮

### * સત્સંગનું ફળ *

**■ શ્રી નમસ્કાર મંત્રાધિરાજનું અપુર્વપણું ■**

**જિનેશ્વરને જાણીને, સિધ્ધમાં સિધ્ધાવવા, સદ્ગુરૂને સાધીને, સ્વાધ્યાય સ્વિકારીને, માતા–પિતાને માનીને, ત્યાગને તપાવીને, મુક્તિનાં માર્ગમાં, જીવન આરાધીને ભવ ભ્રમણને ભાંગીને, મુક્તિને માણવી.**

**જીવે જુગારને જુગાર જાણીને જુગાર રમ્યો નથી ''પણ'' જુગારને વ્યાપાર માનીને જુગાર રમ્યો, ''માટે'' જુગારમાં જીવન લુંટાવી દીધું.''**

**હે કરૂણાંમુર્તિ,**
**તારી કરૂણતાં પ્રગટાવ્યાં વગર આ જગબંધનથી શે છુટાશે ? ''અને''**
**જ્યારે જ્યારે જગબંધનથી છુટવા પ્રયત્ન કર્યો ત્યારે ત્યારે જગતે કરૂણાંને દયામાં ખપાવીને દયાને પાત્ર બનાવી દીધો (લાચાર).**

Website : www.jainojago.com

# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

## ચાર ગતિ એ સવાલ - પાંચમી ગતિ એ જવાબ

**અનુસંધાન સામેનાં પાના નં ૧૪થી ચાલું**

હવે આગળનાં લેખાંકનાં અનુસંધાનમાં મોક્ષમાર્ગને લગતાં સવાલોની વિચારણાં કરીએ.

૧. શ્રી તીર્થંકર પરમાત્માની અભિષેક પૂજા (પ્રક્ષાલ પૂજા) શાશ્વતી કે અન્ય પ્રકારની પૂજા શાશ્વતી ? દિવસની શરૂઆત શ્રી પરમાત્માની પૂજા-અર્ચનાં કરીને કરીએ (આહાર, નિદ્રા અને મૈથુન, ભવોભવની સંજ્ઞા ત્યાગીને પ્રક્ષાલ પૂજા કરીએ) તેનાથી આત્માનું કલ્યાણ થાય કે પછી સગવડતાએ ઊઠીને અનુકુળ આહાર અને વિહાર કરીને શ્રી પરમાત્માની અન્ય પ્રકારની પૂજા-અર્ચનાં કરવાથી આત્માનું કલ્યાણ થાય?

૨. સામાયિક : નક્કી કરેલા સમયે (દરરોજ માટે), નક્કી કરેલી દિશા તરફ, નક્કી કરેલા આસને અને નક્કી કરેલા સ્મરણે, (વિચાર, વચન અને કાયાની સ્થિરતા માટે) સામાયિક આત્મકલ્યાણનું કારણ બને કે સગવડતા પ્રમાણે, સમયની અનુકુળતા અનુસાર અને લોકાર્થે દેખાડવા માટે બે-ચાર કે પાંચ સામાયિક દિવસમાં કરી તેથી આત્માનું કલ્યાણ થાય ?

૩. પ્રતિક્રમણ એટલે શું ? પાપનું પ્રાયશ્ચિત કરીને, પાપોનું સ્મરણ કરીને, ફરી-ફરી તે પાપો ન જ કરવા તેવા ભાવ સહિત સમજણ કેળવવી (સંકલ્પ) અને કરેલા પાપો અને હિંસાનું હૃદયમાં વેદન થવું તેવા પ્રકારથી કરેલું પ્રતિક્રમણ આત્મકલ્યાણનું કારણ બને કે પછી પ્રતિક્રમણનાં સુત્રો બોલીને સમય પૂરો થાય (પણ વેદન ન થાય) તેવી રીતે આત્માનું કલ્યાણ થાય?

આટ-આટલા વર્ષોથી સામાયિક અને પ્રતિક્રમણ કર્યા પણ સામાયિકમાં એક સામાયિક જેટલી વિચારની કે વચનની કે કાયાની સ્થિરતા શા માટે ન આવી ? તેનો વિચાર કર્યો ? આટ આટલાં પ્રતિક્રમણ પછી પણ જીવનનાં કેટલા પ્રતિક્રમણમાં દુઃખોનું વેદન અને આંખોમાં અશ્રુઓ કેટલી વખત આવ્યાં ?

> **જે જ્ઞાને કરીને જીવ,**
> **તે જ્ઞાનનાં જાણકારને જાણે,**
> **''તે''**
> **જ્ઞાનનું બીજું નામ આત્મજ્ઞાન કહેવાય.**

૪. જૈન સંપ્રદાયનું અને જૈન ધર્મનું સર્વ શ્રેષ્ઠપણું ચૌવિહારથી સિધ્ધ થાય છે અને તે વ્રત સદા સર્વદા શ્રેષ્ઠ છે અને જૈન ધર્મનાં સુક્ષ્મ જ્ઞાનનું ફળ અને પૂર્વનાં જ્ઞાની મહાપુરૂષોએ અનેક પાપોમાંથી બચવા માટે આપેલું વ્રત અને વ્યવહાર સરળતાથી ચલાવીને પાળી શકાય તેવું સર્વોત્તમ વ્રત તેનું નામ ચૌવિહાર. ચૌવિહાર કરનાર જીવ લગભગ આહારિક પ્રકારનાં કોઈપણ પદાર્થનું સમયે-સમયે લેવું પડે તેવું દાસત્વપણું નથી પામતો (આ તેમનું આહારિક પદાર્થ ઉપરનું સ્વામીત્વ તે તેમનું પ્રગટ લક્ષણ) અને ચૌવિહાર પછી વ્યવહાર, વ્યાપાર અને વિહાર (વિચરવું) અનેક પ્રકારની વાર્તાઓ અને વાતચીતો કરવી અને બીજા અનેક પ્રકારનાં કાર્યો કરવાથી આત્મકલ્યાણ (માક્ષમાર્ગી) થાય કે પછી ચૌવિહાર કરીને (લગભગ સંધ્યા સમય પછી) સંસારનાં સર્વ પ્રકારનાં વ્યવહાર, વ્યાપાર અને વિહાર ત્યાગીને શાંત ચિત્તે બેસીને દિવસનાં કાર્યોનું અવલોકન (સારૂં-ખરાબ કરેલાં કાર્યોનું) કરવાથી અને પૂર્વનાં મહાપુરૂષોનાં જીવન ચરિત્રોનાં વાંચન અને શ્રી પરમાત્માનાં ભક્તિગીતો ગાવા અને સાંભળવાથી અને આત્મજ્ઞાની મહાપુરૂષોનાં લખાણો વાંચવાથી આત્મકલ્યાણ (મોક્ષ પામવાનું કારણ) બને ? ફક્ત સાંજે જમી લેવાથી ચૌવિહાર યથાર્થ ગણાય કે પછી રાત્રીનાં પાપોનાં ત્યાગથી ચૌવિહાર આત્મકલ્યાણનું કારણ બને ? જીવ પાપો અનેક પ્રકારનાં કરે પણ સામાન્ય પાપો ન થાય તેનો ઉપયોગ પણ ક્યારેય રાખ્યો છે ? જેમ કે સાંજ પછી પરનિંદા ન કરવી, કોઈનું અહિત ન કરવું, ક્રોધ ન કરવો, કોઈને દુઃખ થાય તેવા વચન ન બોલવા, કોઈપણ જીવનાં દેહનું કે અર્થનું કે સુખને હાનિ ન થાય તેવું જીવન જીવવું અને વિકારભાવથી દુર રહેવું. આવા પ્રકારનાં સામાન્ય પાપોથી જીવ દુર રહે તો પણ આત્મીક પરીણામ મોટા આવે અને આત્માનું કલ્યાણ થવાનું અને મોક્ષમાર્ગ પ્રાપ્ત થવાનું કારણ બને કે નહીં ? તેનો વિચાર બાળજીવોએ ક્યારેય કર્યો છે ખરો? અને ન કર્યો હોય તો શ્રી ધર્માચાર્યો પાસેથી સાચી સમજણ મેળવી લેવી અને નક્કરતાથી આત્મકલ્યાણ થાય અને મોક્ષમાર્ગમાં પ્રવેશી શકાય તેવા આશયથી સાચું તત્વ પ્રાપ્ત કરવાની ઝુરણાં રાખવી. (ભાવિ લેખાંકમાં યોગે કરીને ચૌવિહારથી લઈને સવારની નવકારશી સુધીની વિચારણાં કરશું.)

> **જીવનમાં જુગાર લાવીને, ''જીવનને'' જુગારમાં લુંટાવી દીધું. જીવનને જુગાર ગણીને ''જીવન'' જીવ્યો હોત તો, જીવનનાં જન્મ-મરણને લુંટાવી દીધું હોત.**

૫. માસની પર્વતિથિઓમાં ફક્ત લિલોતરી ત્યાગવાથી હિંસા ત્યાગી અને તિથિ પાળી ગણાય ? અને તેમાંથી આત્મકલ્યાણ અને મોક્ષમાર્ગની પ્રાપ્તી થાય કે પછી પર્વતિથિનાં દિવસોમાં ક્રોધરહિત, ક્લેષરહિત, પરનિંદારહિત અને અન્ય જીવોને દુઃખ ન થાય તેવી વાણી, વર્તન અને વિચારપૂર્વકનું જીવન જીવવાથી આત્મકલ્યાણનું અને મોક્ષમાર્ગની પ્રાપ્તીનું કારણ બને?

લિલોતરી ત્યાગ એ હિંસા ત્યાગ માટે સારી અને સાચી સમજણ છે, પણ અન્ય દિવસોમાં અનેક પ્રકારની લિલોતરીનો આહાર કયા આધારથી સ્વિકારી શકાય ? બાકીનાં દિવસોમાં ઓછામાં ઓછી હિંસા થાય તેવું જીવન તો હોવું જ જોઈએ (એક જ શાકથી ચલાવવું જોઈએ). લિલોતરી ત્યાગ આયુષ્યનો બંધ પડે તેવી સમજણથી ત્યાગવી જોઈએ કે હિંસાથી બચવા માટેની સમજણ રાખવી જોઈએ ? (આયુષ્યનો બંધ તો ગમે તે સમયે અને કોઈપણ તિથિનાં કાળમાં પડે)

**''જેવું જીવન એવા ભાવ અને**
**જેવા ભાવ એવો બંધ પડે.''**

૬. સાધુ-સાધ્વીજી મોક્ષમાર્ગનાં પ્રખર આરાધક સાધકો ગણાય. તેમની વૈયાવચ્ચ કેવા પ્રકારથી કરવી જોઈએ કે જેથી તેઓ તેમની સાધનામાં લીન રહે અને આરાધનામાં આગળ વધે અને બાળજીવો તેમની કેવી રીતે યથાર્થ સ્વરૂપે ભક્તિ કરે કે જેથી બાળજીવો ભાવિમાં સરળતાથી મોક્ષમાર્ગ પામી શકે અને તે માર્ગમાં ચાલવા માટેનાં અનુકુળ સંજોગો પ્રાપ્ત થાય. તેવી સમજણ શ્રી ધર્માચાર્યો પાસેથી જીવે ખાસ મેળવી જોઈએ અને તે અતિ આવશ્યક પણ છે.

**''આમાં જ મુખ્ય જ્ઞાનની આરાધના અને**
**વિરાધનાં સમાયેલી છે.''**

૭. બાળજીવોથી થતી અજાણતાં વિરાધનાં તે પણ વિરાધનાં જ ગણાય. જેમ કે સવારની નવકારશીની ગોચરી સૂર્યોદય પહેલા બનાવાય કે નહીં અને જો સૂર્યોદય પહેલા ચૂલા કે ગેસ સળગાવીને બનાવી હોય તો તેનો દોષ કોને લાગે?

૮. ગોચરીનો આહાર અનેક પદાર્થોનો હોય કે મર્યાદીત પદાર્થોની ગોચરી વહોરાવાય ?

૯. ગોચરી સદોષ વહોરાવાય કે નિર્દોષ ? સદોષનો દોષ કોને લાગે ?

> **જીવ, જુગારમાં અર્થ લુંટાવતો નથી, આત્માને લુંટાવે છે, ''અને'' જીવનમાં અર્થ લુંટ્તો નથી, ''પણ'' આત્માઓને લુંટે છે. (ભ્રમિત જીતમાં) ''હારની-હારનો-હાર પહેરે છે.''**

૧૦. ગોચરી આરોગ્યવર્ધક હોવી જોઈએ કે શક્તિવર્ધક અને જો શક્તિવર્ધક ગોચરી વહોરાવી હોય તો દોષ કોને લાગે ?

૧૧. જીવન ઉપયોગી અને જરૂરી પદાર્થો સાદા અને સસ્તા હોવા જોઈએ કે કિંમતી હોવા જોઈએ ? અને કિંમતી વહોરાવ્યા હોય તો દોષ કોને લાગે ?

૧૨. બાળજીવોએ દાન જે કરે તે ગુપ્તદાન આત્મીક પરીણામી બને કે પ્રગટ દાન ?

૧૩. વ્રતો અને તપસ્યાઓ કષાય રહિતની આત્મકલ્યાણનું કારણ બને કે તપસ્યાઓમાં કષાયો સ્વિકાર્ય ગણાય ?

૧૪. અર્થનું દાનમાં જીવ પોતાનાં નામનું મુખ્યપણું ગણે તેમાં આત્મકલ્યાણનું કારણ કે શ્રી પરમાત્માને ચરણે નામરહિત ધરે તેમાં આત્મકલ્યાણનું કારણ ?

૧૫. જગતનાં કોઈપણ પદાર્થનો ત્યાગ કર્યો હોય તો તેમાં આગળ ત્યાગતા જવાનું અને ત્યાગને ભુલીને તેવો સ્વભાવ બનાવવામાં આત્મકલ્યાણ કે ત્યાગમાં અટકીને ત્યાગનાં સ્મરણમાં રહેવામાં આત્મકલ્યાણ?

૧૬. ધર્મ આત્માર્થે કરવાનો હોય કે લોકો જાણે તેવા પ્રકારથી ધર્મ કરવાનો હોય ?

૧૭. ધર્મ જાહેરમાં કરવાનો હોય કે પછી ધર્મ ગુપ્ત રાખીને ધારણ કરવાનો હોય ?

૧૮. બાર દોષોની મંદતા સમજણપૂર્વક અને સશક્તભાવે કરવાથી પરીણામ આવે કે સંજોગોથી અને લાચારીથી કરવાથી પરીણામની પ્રાપ્તી થાય ?

૧૯. બાર દોષોનાં લક્ષ વગરનો ધર્મ મોક્ષમાર્ગ ગણાય કે લક્ષ સહિતનો પુરુષાર્થ એ ધર્મ ગણાય ?

૨૦. બાર દોષોનાં નિવારણ અર્થે જ સર્વ વ્રત-તપ-જાપ-દાન અને ત્યાગ કરવાનાં છે કે અન્ય કારણે કરવાનાં છે?

૨૧. મોક્ષમાર્ગમાં પ્રવેશવા માટે મોટા પુરુષાર્થની જરૂર છે કે સાચી સમજણની જરૂર છે ?

૨૨. આ ક્ષેત્રમાં વર્તમાન કાળમાં (પાંચમાં આરામાં) કેવળજ્ઞાન સિવાયનાં દરેક જ્ઞાન પ્રાપ્ત છે કે નહીં ?

૨૩. આ ક્ષેત્રમાં વર્તમાન કાળમાં (પાંચમાં આરામાં) મોક્ષનો એક ભવ (કેવળજ્ઞાનનો) બાકી રહે ત્યાં સુધીની સાધનાં થઈ શકે કે નહીં ? (એક અવતારીપણું પામીએ ત્યાં સુધીની)

૨૪. ''અનંત ભવ ભ્રમણથી અનંત ભવ ભ્રમણમાં'' જીવને સર્વ સમયે અને સર્વ ક્ષેત્રથી મોક્ષમાર્ગની પ્રાપ્તી અત્યંત દુર્લભ ગણી છે. જો મોક્ષમાર્ગની પ્રાપ્તી થાય તો મોક્ષમાર્ગમાં ચાલવું જીવને માટે સરળ અને સહજ છે.

> **જે જ્ઞાન થકી જીવ, તે જ્ઞાનનાં જાણકારને, જ્ઞાને કરીને, જ્ઞાનીત્વભાવે અનુભવે, ''તે'' જ્ઞાનને મોક્ષમાર્ગી જ્ઞાન કહેવાય.**

જીવને જ્યારે મોક્ષમાર્ગની પ્રાપ્તી સુલભ હોય છે.
''ત્યારે''
સંજોગોની અને ધર્માચાર્યોની નિશ્રાનાં યોગની
બળવાન પ્રતિકુળતા હોય છે.
''અને''
જ્યારે સંજોગોની અને ધર્માચાર્યોનાં યોગની
સરળતા હોય છે.
''ત્યારે''
મોક્ષમાર્ગની અત્યંત દુર્લભતા હોય છે.

આજ ભવ ભ્રમણ ફરવાનાં ઘણાં કારણોમાં મુખ્ય કારણ ગણાય. માટે બાળજીવોએ વિના સંકોચે નિર્ભયતાસહિત, સત્યની ઝુરણાં રાખીને નિર્મળબુધ્ધિથી (પૂર્વગ્રહરહિત) શ્રી ધર્માચાર્યો પાસે જઈને આદરસહિત નમ્રતા ધારણ કરીને વિનયપૂર્વક પ્રથમ મોક્ષમાર્ગની સાચી અને સરળ રીત જાણી લેવી અને જે સાચી અને સરળ રીતથી બાર દોષોનું નિવારણ કે મંદતા કરાવે તેની નિશ્રામાં શ્રધ્ધાપૂર્વક આરાધન કરવું તેજ બાળજીવોનું મનુષ્યપણું અને જૈનકુળનું સાર્થકપણું ગણાય. શ્રી ધર્માચાર્યો પાસેથી મોક્ષમાર્ગ જાણવો, માનવો અને આરાધવો તે શ્રી પરમાત્મા અને જ્ઞાનની આરાધનાં ગણાય અને જો મોક્ષમાર્ગથી ઓછું (મોક્ષમાર્ગને બાદ કરીને) જે કાંઈ માંગવું અને આપવું તે શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનની અને જ્ઞાનની વિરાધનાં ગણાય.

**આનંદ આનંદ આનંદ**

> આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.